# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI


Ref no. PN 2025-26/179 Dt. 11/10/2025

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સુરત ટેક્ષમેક ફેડરેશન દ્વારા 'સુરત ઈન્ટરનેશનલ ટેક્ષ્ટાઈલ મશીનરી એક્ષ્પો– ૨૦૨૫' એકઝીબીશન માટે MoU–મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ સાઇન કરાયું

### ‘સિટેક્ષ–૨૦૨૫’ એકિઝબીશનના MoU સાઈનિંગના પ્રસંગે સ્ટોલધારકોનો વધુ ઉત્સાહ હોવાના કારણે ડ્રો-સિસ્ટમ થકી એકિઝબીશનના તમામ સ્ટોલ બુક કરવામાં આવ્યા

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સુરત ટેક્ષમેક ફેડરેશનના સંયુકત ઉપક્રમે તા. ૨૨, ૨૩ અને ૨૪ નવેમ્બર, ૨૦૨૫ દરમ્યાન સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે 'સુરત ઈન્ટરનેશનલ ટેક્ષ્ટાઈલ મશીનરી એક્ષ્પો (સિટેક્ષ)–૨૦૨૫'નું આયોજન કરવામાં આવશે. જેના અંતર્ગત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સુરત ટેક્ષમેક ફેડરેશનના હોદ્દેદારોએ ગુરૂવારે, તા. ૦૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સંહતિ, સરસાણા ખાતે MoU–મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ સાઇન કર્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને સુરત ટેક્ષમેક ફેડરેશનના પ્રમુખ શ્રી મુકેશ પટેલે MoU–મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ પર સાઇન કરી હતી. આ પ્રસંગે ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા અને માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી તથા સુરત ટેક્ષમેક ફેડરેશનના ઉપ પ્રમુખ શ્રી પ્રણવ મહેતા, સેક્રેટરી શ્રી જિતેન્દ્ર મિસ્ત્રી, જોઈન્ટ સેક્રેટરીઓ શ્રી ભાવેશ વઘાસિયા અને શ્રી મહેન્દ્ર કુકડિયા ઉપસ્થિત રહયા હતા.

‘સિટેક્ષ–૨૦૨૫’ એક્ઝિબીશનના MoU સાઈનિંગના પ્રસંગે સ્ટોલધારકોનો વધુ ઉત્સાહ હોવાના કારણે ડ્રો-સિસ્ટમ થકી એક્ઝિબીશનના તમામ સ્ટોલ બુક કરવામાં આવ્યા હતા. સાથે જ તેઓને તાત્કાલિક એક્ઝિબીશનના લે-આઉટ અને તેમના સ્ટોલનો નંબર આપવામાં આવ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરતનો ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ પરંપરાગત રીતે વૈશ્વિક સ્તરે પોતાની ઓળખ ધરાવે છે ત્યારે 'સિટેક્ષ-૨૦૨૫' એ સુરતની ટેક્ષ્ટાઇલ મશીનરી, ટેક્ષ્ટાઈલ એન્સીલરી અને મશીનરીઓ અને ટેકનિકલ ટેક્ષ્ટાઈલ સંબંધિત મશીનરીઓ ઉદ્યોગોને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ પૂરું પાડશે. આ એકઝીબીશન ઉદ્યોગોને નવી ટેકનોલોજી, ઇનોવેશન અને વેપારની તકો સાથે સીધો સંપર્ક સાધવામાં મદદરૂપ બનશે. આ એકઝીબીશનમાં દેશ–વિદેશના અગ્રણી ટેક્ષ્ટાઇલ મશીનરી ઉત્પાદકો, ટેકનોલોજી પ્રોવાઇડર્સ તથા વેપારીઓ ભાગ લેશે અને સુરતના ઉદ્યોગ સાહસિકોને સીધી તક મળશે.

સુરત ટેક્ષમેક ફેડરેશનના પ્રમુખ શ્રી મુકેશ પટેલે જણાવ્યું હતું કે, એમ્બ્રોઇડરી ઉદ્યોગ સુરતની અર્થવ્યવસ્થાનો અભિન્ન અંગ છે. SITEX- 2025 દ્વારા અમે આ ક્ષેત્રને નવી દિશા આપી શકીશું. આંતરરાષ્ટ્રીય ખરીદદારો, ટેકનોલોજી સપ્લાયર્સ અને સ્થાનિક ઉદ્યોગો વચ્ચે જોડાણ વધારવા માટે આ એકઝિબિશન સુવર્ણ તક પૂરું પાડશે.

MoU–મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ સાઇનિંગ પ્રસંગે બંને સંસ્થાઓના હોદ્દેદારોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આ એકઝીબીશન સુરતને વૈશ્વિક ટેક્ષ્ટાઇલ ઉદ્યોગના નકશા પર વધુ મજબૂત સ્થાન આપશે અને નાના–મોટા તમામ ઉદ્યોગોને વૈશ્વિક સ્પર્ધા માટે તૈયાર કરશે.